અપીલ અરજી નં.૩૫૩ તા.૧૫–૧–૦૯/૧૦

અરજદારઃ– શ્રી અરૂણ બાબુરાવ કોષ્ટી
સામાવાળાઃ– કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન)

## ફરીયાદની હકીકતઃ–

**વિષય :**– આરટીઆઈ એકટ હેઠળ શ્રી અરૂણ બાબુરાવ કોષ્ટીની તા.૫–૧૨–૦૯ ની અરજીથી ટેના નં.૨૭ડી– ૧૭–૧૭૭૧–૦–૦૦૧ થી ૨૭ડી–૧૭–૧૭૭૭ –૦ –૦૦૧ સાંઈ પુજા એપાર્ટમેન્ટ પ્લોટ નં.૧૭૭ ની વિગતો જગદીશ મુકુંદ પાટીલ અને અગાઉના બધા કબ્જેદારોની કબ્જારસીદની નકલની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૧૫–૧–૧૦ ની અપીલ અરજી નં.૩૫૩/૨૦૦૯–૧૦

શ્રી અરૂણ બાબુરાવ કોષ્ટીની તા.૫–૧૨–૦૯ ની અરજીથી ટેના નં.૨૭ડી–૧૭–૧૭૭૧–૦–૦૦૧ થી ૨૭ડી–૧૭–૧૭૭૭–૦–૦૦૧ સાંઈ પુજા એપાર્ટમેન્ટ પ્લોટ નં.૧૭૭ ની વિગતો જગદીશ મુકુંદ પાટીલ અને અગાઉના બધા કબ્જેદારોની કબ્જારસીદની નકલની માહિતી આપવા બાબતે માહિતી નહીં મળ્યાના પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૧૫–૧–૧૦ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૧૯૩ તા.૨૨–૧–૧૦ થી કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધનાઝોન)ને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને ઉધનાઝોન તરફથી પત્ર નં.સોઝોન/અકણ/આરટીઆઈ/૧૮૪૧ તા.૨–૨–૧૦ થી અત્રેના વિભાગને પૂરક વિગતો મળેલ છે. જેમાં નોંધ વિભાગ, અરજદારની મુળ અરજીની નકલ, ત્રાહિત વ્યકિતને કલમ–૧૧ હેઠળ પાઠવેલ પત્ર નં.સા.ઝોન/અકણ/આરટીઆઈ/૧૫૨૯ તા.૧૭–૧૨–૦૯ ના પત્રની નકલ, ત્રાહિત વ્યકિતએ જાહેર માહિતી અધિકારીને આપેલ અભિપ્રાયની નકલ, જાહેર માહિતી અધિકારીએ અરજદારને આપેલ માહિતી પત્ર નં.સા.ઝોન/અકણ/આરટીઆઈ/૧૬૩૫ તા.૪–૧–૧૦ ના પત્રની નકલ, તેને પોસ્ટ કર્યાના યુપીસીની નકલ અત્રેના વિભાગને મળેલ છે.

અરજદારની તા.૫–૧૨–૦૯ ની અરજીથી ટેના નં.૨૭ડી–૧૭–૧૭૭૧–૦–૦૦૧ થી ૨૭ડી–૧૭–૧૭૭૭–૦–૦૦૧ સાંઈ પુજા એપાર્ટમેન્ટ પ્લોટ નં.૧૭૭ ની વિગતો જગદીશ મુકુંદ પાટીલ અને અગાઉના બધા કબ્જેદારોની કબ્જારસીદની નકલની માહિતી આપવા બાબતે માંગણી કરવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી સદર ટેના નં.૨૭ડી–૧૭–૧૭૭૧–૦–૦૦૧ થી ૨૭ડી–૧૭–૧૭૭૮–૦–૦૦૧ સાંઈ પુજા એપાર્ટમેન્ટ પ્લોટ નં.૧૭૭ પર આવેલ સાંઈ પુજા એપાર્ટ.ના કબ્જેદાર તરીકે ભીકેશ પાઉભા પાટીલના નામે દાખલ છે. જે અંગે તેઓને નં.સા.ઝોન/અકણ/આરટીઆઈ/૧૫૨૯ તા.૧૭–૧૨–૦૯ થી કલમ–૧૧ હેઠળ પત્ર પાઠવી તા.૨૮–૧૨–૦૯ ના રોજ ૧૨.૦૦ કલાકે રૂબરૂમાં અભિપ્રાય આપી જવા અથવા તો પોસ્ટ ધ્વારા દિન–૪ માં રજૂ કરવા જણાવવામાં આવેલ. જે બાબતે ત્રાહિત પક્ષકારે અમારા કબ્જા રસીદ મેળવી ગેર ઉપયોગ થઈ શકે છે તેમજ કબ્જા રસીદ અમારી માલિકીની અંગત મિલ્કત હોઈ તેઓને આપવી વાજબી પણ ગણી શકાય નહીં જે સામે અમે સખત કાયદેસરનો વાંધો નોંધાવીએ છીએ તેવું જણાવેલ છે. જે બાબતે જાહેર માહિતી અધિકારીએ નિર્ણય લઈ પત્ર નં.સા.ઝોન/અકણ/આરટીઆઈ/૧૬૩૫ ૪–૧–૧૦ થી " ત્રાહિત પક્ષકારે માહિતી આપવા અંગે વાંધો ઉઠાવી માહિતી ન આપવા જણાવેલ છે. જેથી આરટીઆઈ એકટની કલમ–૧૧(૨) હેઠળ માહિતી આપવા અંગેનો હું ઈન્કાર કરું છું." તેવું જણાવેલ છે. તેની સામે અરજદારે તા.૧૫–૧–૧૦ ના રોજ અપીલ અરજી કરેલ છે. અને માહિતીની માંગણી કરેલ છે. અરજદારે ત્રાહિત વ્યકિતની વિગતોની માંગણી કરેલ હોય તેમજ ત્રાહિત વ્યકિતએ તે આપવા અંગેનો ઈન્કાર કરેલ છે. જે અંગે જાહેર માહિતી અધિકારી તરફથી ત્રાહિત વ્યકિતને લગતી માહિતી હોય ત્રાહિત પક્ષકારે વાંધો ઉઠાવી માહિતી ન આપવા જણાવેલ વાંધાને ગ્રાહય રાખી કલમ–૧૧(૨) હેઠળ ઈન્કાર કરેલ છે. જે કાયદાની જોગવાઈઓ સાથે સુસંગત છે.

### હુકમ

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારે તા.૫–૧૨–૦૯ ની અરજીથી માંગેલ માહિતી બાબતે જાહેર માહિતી અધિકારીનો કલમ–૧૧ (૨)હેઠળ માહિતીના ઈન્કાર અંગેનો નિર્ણય બહાલ રાખવામાં આવે છે અને અરજદારની અપીલ અરજી અંગે કઈ કરવાનું રહેતું ન હોઈ અપીલ દફતરે કરવામાં આવે છે.

સદર હુકમ સામે નારાજગીના કિસ્સામાં અરજદારને કાયદાની કલમ–૧૯(૩) હેઠળ રાજય માહિતી આયોગ, ગુજરાત રાજય, સેકટર –૧૮ , ગાંધીનગરને બીજી અપીલ દિન–૯૦ માં કરવાની જોગવાઈ છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૨ –૧૦

ડે.કમિશ્નર(જનરલ),
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

પ્રતિ,
(૧) કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી(ઉધનાઝોન) ..જાણ તથા અમલ માટે
(૨) શ્રી અરૂણ બાબુરાવ કોષ્ટી